વલસાડમાં ટી.પી. સ્કીમ લાગુ કરો

આડેધડ વિકાસ અને ટ્રાફિક-પાર્કિંગની વિકટ સમસ્યા વચ્ચે વલસાડમાં ટી.પી. સ્કીમ મુદ્દે બે સમિતિના અધ્યક્ષનું પાલિકાના સત્તાધીશોને સાત દિવસનું અલ્ટિમેટમ

બિલ્ડર-વેપારીઓના હિત ખાતર વિલંબ થતો હોવાના આક્ષેપ

વલસાડઃ વલસાડ શહેરમાં વર્ષોથી વધી રહેલી ભયંકર ટ્રાફિક સમસ્યા અને પાર્કિંગની જગ્યાના અભાવે સામાન્ય નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. કોઈ પણ જાતના દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજન વગર થયેલા આડેધડ વિકાસના કારણે આજે શહેરના મુખ્ય માર્ગો સાંકડા બની ગયા છે અને જાહેર સુવિધાઓ ખોરવાઈ ચૂકી છે. શહેરીજનોને આ અંધાધૂંધીમાંથી મુક્તિ અપાવવા માટે ટાઉન પ્લાનિંગ (ટી.પી.) સ્કીમ લાગુ કરવી અનિવાર્ય બની છે. જોકે, સ્થાનિક સ્તરે બિલ્ડરો અને દુકાનદારોને આડેધડ બાંધકામો તેમજ ગેરકાયદે લાભો પહોંચાડવાના ઈરાદે પાલિકાના સત્તાધીશો આ સ્કીમ જાણી જોઈને લંબાવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

આ ગંભીર સ્થિતિ વચ્ચે વલસાડ નગરપાલિકાની કાયદા સમિતિના અધ્યક્ષ નિતેશ વશી અને ટાઉન પ્લાનિંગ એન્ડ સિટી ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ ઉર્મિબેન માલીએ ખુલ્લો મોરચો માંડ્યો છે. તેઓએ પાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર)ને આકરા શબ્દોમાં લેખિત પત્ર પાઠવીને તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પસાર કરાયેલા ટી.પી. સ્કીમના ઠરાવો તાત્કાલિક અમલમાં લાવવા સાત દિવસનું અલ્ટિમેટમ આપ્યું છે.

ટાઉન પ્લાનિંગ સમિતિ દ્વારા અબ્રામા-મોગરાવાડી વિસ્તારમાં ચાર નવી ટી.પી. સ્કીમો તેમજ વલસાડ શહેરની વર્ષો જૂની ટી.પી.-૧ અને ટી.પી.-૨ના રિવિઝન અંગે ઠરાવ કરાયાને સાડા ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. ૨૦૨૫ની ચૂંટણી બાદ છ જેટલી સામાન્યસભાઓ યોજાઈ હોવા છતાં તેમજ ગત ઓગસ્ટ માસમાં ખાતરી અપાઈ હોવા છતાં આ જાહેરહિતના વિષયને સામાન્યસભાના એજન્ડામાં જાણીજોઈને સ્થાન આપવામાં આવતું નથી. બંને અધ્યક્ષોએ ચીમકી ઉચ્ચારી છે કે જો સાત દિવસમાં યોગ્ય ખુલાસો અને કાર્યવાહી નહીં થાય તો ઉચ્ચ સ્તરે કાયદાકીય લડત ચલાવવામાં આવશે.

પોતાની જ મિલકતો નકશામાં નથી, બેદરકાર પાલિકા શહેરનો વિકાસ શું ખાખ કરશે?

વલસાડ શહેરની ટી.પી.-૧ અને ટી.પી.-૨ વર્ષ ૧૯૮૫ એટલે કે આશરે ચાર દાયકા જૂની યોજનાઓ છે. નવાઈની વાત એ છે કે આ યોજનાઓમાં ખુદ નગરપાલિકાની પોતાની કરોડોની જાહેર મિલકતો સત્તાવાર નકશામાં દર્શાવવામાં જ આવી નથી. જેમાં કલ્યાણ બાગનો પાણીનો સંપ, હાલરની પાણીની ટાંકી, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ તેમજ કુદરતી જળાશયો અને પાઈપલાઈન જેવી અતિ મહત્ત્વપૂર્ણ મિલકતોનો સમાવેશ થાય છે. આ મિલકતો બાકાત રહી જતાં તેની આસપાસ મોટા પાયે ગેરકાયદે દબાણો વધી રહ્યા છે અને જમીનો જોખમમાં મુકાઈ છે. જ્યારે સ્થાનિક પ્રશાસન પોતાની હદ અને પોતાની જ સરકારી મિલકતો ટી.પી. નકશામાં અપડેટ કરવાની તસ્દી લેતું ન હોય, ત્યારે આવી ઘોર બેદરકારી દાખવનાર નગરપાલિકા તંત્ર સુવ્યવસ્થિત વિકાસમાં શું ફાળો આપશે તેવો વેધક સવાલ શહેરીજનોમાં ઊઠી રહ્યો છે.

દમણમાં ફિલ્મ શોલેના વિરૂની જેમ નશામાં યુવક ટાંકી પર ચઢી ગયો

માતા વિશે અપશબ્દો બોલતા ગુસ્સે ભરાયેલા યુવાનનો બે કલાક ડ્રામા જામ્યો

દમણ: ફિલ્મ શોલેમાં વીરૂ પાણીની ટાંકી પર ચઢીને આખા રામગઢને માથે લે છે તે જ પ્રમાણેના દ્રશ્યો આજે સંઘપ્રદેશ દમણના સી-ફેસ જેટી નજીક પરકોટા શેરી પાસે જોવા મળ્યા હતાં. એક યુવાન ચિક્કાર દારૂના નશામાં પાણીની ઊંચી ટાંકી પર ચઢી જતાં લગભગ 2 કલાક સુધી હાઈવોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો.

મળતી માહિતી મુજબ દમણના દલવાડા વિસ્તારમાં રહેતો અને મૂળ ઉત્તર પ્રદેશનો અનિલ ચૌહાણ (ઉ.વ.23) જે છૂટક કલરકામનો ધંધો કરે છે. તે આજરોજ બપોરના સુમારે મિત્રો સાથે સી-ફેસ જેટી દરિયા કિનારે ફરવા આવ્યા હતાં. અનિલ ચિક્કાર દારૂના નશામાં હતો ત્યારે મિત્રો વચ્ચે કોઈ બાબતને લઈ બોલાચાલી સર્જાઈ હતી. આ દરમ્યાન તેના એક મિત્રએ અનિલની માતા અંગે અપશબ્દો બોલતા પોતાની લાગણી દૂભાતા તે ભારે ગુસ્સામાં આવી ગયો હતો અને ગુસ્સાના આવેગમાં આવી નજીક આવેલ પાણીની ઊંચી ટાંકી પર ચઢી ગયો હતો. બસ ત્યાર બાદ શરૂ થયો હતો ફિલ્મ શોલે સ્ટાઈલમાં હાઈવોલ્ટેજ ડ્રામા. યુવાને ટાંકી પર ચઢી બૂમાબૂમ અને હંગામો કરતાં નીચે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં જ તાત્કાલિક દમણ પોલીસની સાથે ફાયર વિભાગની એક ટીમ સ્થળ પર આવી દારૂના નશામાં ઉતપાત મચાવતા યુવાનને સુરક્ષિત નીચે ઉતારવાના પ્રયાસો શરૂ કર્યા હતા. પરંતુ નશાની હાલતમાં અનિલ ટાંકીની રેલિંગ પકડી ક્યારેક નીચે લટકતો તો ક્યારેક જોખમી રીતે હરકત કરતો જોવા મળતા નીચે ઉભેલા લોકોની સાથે પોલીસ અને ફાયર વિભાગના જવાનોના જીવ અધ્ધર થઈ જવા પામ્યા હતાં.

2 કલાક સુધી સમજાવટના પ્રયાસો બાદ પોલીસ,ફાયરના જવાનો ટાંકી પર ચઢી યુવાનને સમજાવી તેને વિશ્વાસમાં લઈ તેને કાબૂમાં લઈ નીચે ઉતાર્યો હતો. જે બાદ પોલીસે યુવાનને તુરંત પોલીસ મથકે લઈ ગઈ હતી. યુવાનને સુરક્ષિત રીતે નીચે ઉતારતા જ ઘટના સ્થળે પોલીસ, ફાયર અને એકત્ર થયેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં પ્રધાનમંત્રીના જન્મદિને રક્તદાન શિબિરમાં 201 યુનિટ બ્લડ એકત્ર કરાયું

વાપી: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે પારડી વિધાનસભાનો વાપીમાં રક્તદાન શિબિર યોજાયો હતો. ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વાપી સ્થિત પુરીબેન પોપટ લાયન્સ બ્લડ બેન્કમાં રક્તદાન શિબિરમાં 201થી વધુ બ્લડ યુનિટ એકત્ર થયું હતું. ભારતીય જનતા પાર્ટી પારડી વિધાનસભા, એન્જિનિયર એસોસિએશન વાપી, વાપી ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન, વલસાડ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતીના સંયુક્ત ઉપક્રમે આ રક્તદાન કેમ્પનું આયોજન થયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓમાં વાપી વીઆઈએ પ્રમુખ અને મહાનગરપાલિકા કારોબારી અધ્યક્ષ સતિષભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતી પ્રમુખ મેહુલભાઈ પટેલ, વાપી નોટિફાઇડ ભાજપ પ્રમુખ અમન ત્રિવેદી, વાપી નોટિફાઇડ ભાજપના પૂર્વ પ્રમુખ હેમંતભાઈ પટેલ, હરિયા રોટરી હોસ્પિટલના ડિન ડોક્ટર સિંગ, ભરતભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, કાર્તિકભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાંસદામાં પર્યુષણ પર્વની ભક્તિમય ઉજવણી

વાંસદા: પર્યુષણ પર્વ નિમિત્તે વાંસદા ખાતે જૈન સમાજ દ્વારા ધાર્મિક અને ભક્તિમય માહોલમાં તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. વહેલી સવારથી જ જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ જૈન મંદિરે દર્શન, પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યક્રમોમાં જોડાયા હતા. આ પ્રસંગે ભગવાનની પ્રતિમાને શણગારેલા રથ સાથે ભક્તિ ગીતો અને સંગીતના સથવારે નગરના વિવિધ માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં જૈન સમાજના અગ્રણીઓ ઉપરાંત મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

દમણના શ્રીનાથજી ગ્રુપ ઓફ કોલેજમાં ઉજવણી

દમણ: સંઘપ્રદેશ દમણના વરકુંડ સ્થિત આવેલ શ્રીનાથજી ગ્રુપ ઓફ કોલેજમાં આજરોજ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ અનુરૂપ મુખ્ય મહેમાન તરીકે દાનહ દમણ દીવના ભાજપા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયા ઉપસ્થિત રહ્યા હતાં. આજના આ દિવસે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાનના જીવન ચરિત અને તેમના કાર્યો બાબતે પોતાના વિચારો રજૂ કર્યા હતાં. અંતમાં જન્મ દિવસ અનુરૂપ વિદ્યાર્થીઓ દ્વારા કેક કાપી વડાપ્રધાનના જન્મ દિવસને મનાવ્યો હતો.

વાપી આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં MBA કોલેજનો આરંભ

વાપી: વાપી આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસમાં એમ.બી.એ. કોલેજનું ઉદ્ઘાટન પ્રસંગે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા ગણેશ વંદના સાક્ષી સિંઘ (ટી.વાય. બી.સીએ)ની વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ તથા કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ઇન્ચાર્જ આચાર્ય ડો. શીતલ ગાંધીએ મેનેજમેન્ટ શિક્ષણનું વિશેષ મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે આચાર્ય ડો. પ્રીતિ ચૌહાણએ દ્વારા ઉપસ્થિત મહેમાનો, પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા આયોજકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અભિષેક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહએ અભિનંદન પાઠવ્યા હતા.

પારડીમાં બે એકર જમીનનો ખોટો કરાર બતાવી રૂ.50 લાખ પડાવ્યા

આરોપી વિમલ પટેલ સામે જમીનના સોદામાં છેતરપિંડીના નોંધાયેલા ગુનાઓની સંખ્યા પાંચ પર પહોંચી

પારડી: જમીનના સોદામાં છેતરપિંડીના કિસ્સામાં પારડી પોલીસ મથકે વિમલ સુમનભાઈ પટેલ વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

નાની દમણના દેવકા કોલોનીમાં રહેતા અને હોટલ વ્યવસાય કરતાં ચંપકભાઈ ડાહ્યાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, એપ્રિલ-2026માં વિમલ પટેલે પલસાણા ગામે રોડની બાજુમાં આવેલી જમીન બતાવી હતી. આ જમીન હરીભાઈ દયાળજીભાઈ દેસાઈના નામે હોવાનું તથા પોતે તેમની પાસેથી જમીનનો વેચાણ કરાર કર્યો હોવાનું વિમલ પટેલે જણાવ્યું હતું. જમીનમાંથી બે એકરનો સોદો રૂ.1.50 કરોડમાં નક્કી થયા બાદ તા.23 એપ્રિલ 2026ના રોજ દમણીઝાંપા ખાતેની એડવોકેટની ઓફિસમાં વિમલ પટેલ સાથે સાટાખત એટલે કે વેચાણનો અરસ-પરસનો કરાર કરવામાં આવ્યો હતો. આ સમયે ચંપકભાઈએ રૂ.11 લાખનો ચેક અને રૂ.39 લાખ રોકડા મળી કુલ રૂ.50 લાખ વિમલ પટેલને ચૂકવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. વિશ્વાસ અપાવવા માટે વિમલ પટેલે રૂ.50 લાખનો PDC ચેક પણ આપ્યો હતો.

ત્યારબાદ જમીનનો દસ્તાવેજ કરી આપવા વારંવાર કહેવા છતાં વિમલ પટેલ દ્વારા વિવિધ બહાના કાઢી સમય પસાર કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. દરમિયાન ફરિયાદીને સોશિયલ મીડિયા તથા સંબંધીઓ મારફતે વિમલ પટેલ સામે જમીનના સોદા બાબતે અન્ય લોકો સાથે પણ છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા હોવાની માહિતી મળી હતી. તપાસ દરમિયાન જમીનના મૂળ માલિક હરીભાઈ દયાળજીભાઈ દેસાઈના પરિવારજનોનો સંપર્ક કરતાં તેમણે જમીન વેચાણ માટે કાઢવામાં આવી ન હોવાનું અને હરીભાઈએ કોઈને જમીન વેચી ન હોવાનું જણાવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આથી વિમલ સુમનભાઈ પટેલે અન્યની માલિકીની જમીન પોતાની હોવાનું જણાવી ખોટો વેચાણ કરાર બતાવી વિશ્વાસમાં લઈ રૂ.50 લાખ મેળવી જમીનનો દસ્તાવેજ નહીં કરી તથા નાણાં પરત નહીં કરી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદીએ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ ફરિયાદ નોંધાતા આરોપી વિમલ પટેલ સામે જમીનના સોદામાં છેતરપિંડીના નોંધાયેલા ગુનાઓની સંખ્યા પાંચ પર પહોંચી છે. મામલે પારડી પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પારડીની 'તાજ બેકરી'માં ફૂડ સેફ્ટી વિભાગની ઓચિંતી તપાસ

ગંભીર ક્ષતિઓ જણાતાં સુધારણા નોટિસ ફટકારાઈ, સંચાલકે કામગીરી સ્વેચ્છાએ બંધ કરી

વલસાડ: પારડી વિસ્તારમાં આવેલી જાણીતી 'તાજ બેકરી'માં ફૂડ સેફ્ટી ઓફિસર કે. એ. પટેલ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં બેકરી પરિસરમાં ખાદ્ય સુરક્ષાના ધોરણોનો સરેઆમ ભંગ થતો હોવાનું સામે આવ્યું છે.

તપાસ દરમિયાન પેઢીના સંચાલક જાહિદખાન ઈલાહીખાન પઠાણ સ્થળ પર હાજર રહ્યા હતા. અધિકારીઓની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, બેકરીમાં લાંબા સમયથી કોઈ પેસ્ટ કંટ્રોલ કરાવવામાં આવ્યું નહોતું અને ઉત્પાદનોની ગુણવત્તા ચકાસવા માટેનો પ્રોડક્ટ ટેસ્ટિંગ રિપોર્ટ પણ ઉપલબ્ધ નહોતો. આ ઉપરાંત, બારી-બારણાં ખુલ્લા હોવાને કારણે જીવાતોના પ્રવેશને રોકવાની કોઈ સક્ષમ વ્યવસ્થા નહોતી, જ્યારે દીવાલો, છત અને દરવાજા પરથી રંગ ઉખડીને તેના કણો ખાદ્યસામગ્રી પર પડે તેવી અસ્વચ્છ સ્થિતિ જોવા મળી હતી. એટલું જ નહીં, ફૂડ સુપરવાઇઝર માટે ફરજિયાત ગણાતું 'ફોસ્ટાક' (FoSTaC) તાલીમ પ્રમાણપત્ર પણ સ્થળ પર રજૂ કરી શકાયું નહોતું.

જાહેર આરોગ્ય સાથે ગંભીર જોખમ ઊભું કરતી આ બેદરકારી બદલ તંત્ર દ્વારા તાજ બેકરીને તાત્કાલિક અસરથી 'સુધારણા નોટિસ' ફટકારવામાં આવી છે. નોટિસ બાદ જ્યાં સુધી તમામ ક્ષતિઓ સંપૂર્ણપણે દૂર ન થાય અને જરૂરી નિયમોનું પાલન ન થાય, ત્યાં સુધી સંચાલક દ્વારા સ્વેચ્છાએ બેકરીનું સંચાલન બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

નવસારીમાં રૂ.૭૦ની ખાંડ ૪૦માં વેચી કોંગ્રેસનો વિરોધ

નવસારી: મોંઘવારીના મુદ્દે નવસારી શહેર-જિલ્લા કોંગ્રેસે અનોખો વિરોધ નોંધાવ્યો હતો. નગરપાલિકા પટાંગણ પાસે યોજાયેલા 'ચાય પે નહીં, ચીની પે ચર્ચા' કાર્યક્રમમાં બજારમાં આશરે રૂ.૭૦ પ્રતિ કિલોના ભાવે મળતી ખાંડ રૂ.૪૦ના રાહત દરે આપવામાં આવી હતી. કોંગ્રેસના જણાવ્યા મુજબ કુલ ૧,૫૦૦ કિલો ખાંડનું વિતરણ થતાં ૮૦૦થી વધુ પરિવારોને લાભ મળ્યો હતો. લોકોની ભીડથી સ્થળ પર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી, કોંગ્રેસ આગેવાનોએ મોંઘવારી મુદ્દે સરકારને સવાલો કર્યા હતા કે નાગરિકને રાહત આપવા ચીજવસ્તુઓ પર વધુ સબસિડી કેમ આપવામાં આવતી નથી.

નવસારીમાં ભારતમાતા-ગણેશજીની સામૂહિક આરતી

નવસારી: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે નવસારીના લુન્સીકુઈ મેદાન ખાતે યોજાયેલા 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનોએ દીપ પ્રગટાવી વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. દીવડાઓની ઝગમગાહટ વચ્ચે દેશના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે સામૂહિક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ભારતમાતા અને શ્રી ગણેશજીની સામૂહિક આરતી યોજાઈ હતી.

ધરમપુરના સિદુમ્બર ગામે જંગલની જમીન ખેડતા ખેડૂતોને નોટિસ સામે વાંધો

ધરમપુર: ધરમપુર મામલતદાર કચેરીમાં ગઈ કાલે સીદુમ્બર ગામે જંગલ જમીનના પ્રશ્નોને લઈ ખેડૂતોને થતાં અન્યાય સામે ન્યાય આપવવા ન્યાયસભાનું આયોજન વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલની અધ્યક્ષતામાં રાખવામાં આવી હતી. આ ન્યાય સભામાં ઉપસ્થિત ધારાસભ્યએ હાકલ કરી હતી કે, ખેડૂતોએ મામલતદાર કચેરીએ લોકસુનાવણીમાં જવાનુ અને વાંધો રજૂ કરવો. આજરોજ વાંધા અરજી રજૂ કરવામાં આવી અને આપેલી તમામ નોટિસો દફ્તરે કરવાની રજૂઆત કરવામાં આવી હતી. આજરોજ મોટી સંખ્યામાં ખેડૂતો, સામાજિક આગેવાન રાહુલ પટેલ, નડગધરી ગામના સરપંચ દિનેશ ભોયા, આવધા ગામના સરપંચ સુરેશભાઈ, સીદુમ્બર ગામના માજી સરપંચ હિતેશભાઈ, બોપી ગામના માજી સરપંચ નવસુભાઈ સહીત આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતાં.

વલસાડ જિલ્લાને 2 કરોડના ખર્ચે બનેલા નવા માહિતી ભવનની ભેટ

વલસાડ: વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈએ રૂ.૨ કરોડ ૧૧ લાખના ખર્ચે નિર્માણ થયેલા વલસાડ જિલ્લા માહિતી ભવનનું લોકાર્પણ કરી જિલ્લાને ભેટ આપી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન જે. પટેલે જિલ્લાના નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસાને અભિનંદન પાઠવ્યા હતા. માહિતી ભવનના નવા મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કિંગની સુવિધા અને પત્રકાર રૂમનો સમાવેશ કરાયો છે. ફર્સ્ટ ફ્લોર ઉપર ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ ઈન્ફોર્મેશન ઓફિસરની ચેમ્બર, સિનિયર સબ એડિટરની ચેમ્બર, ઓફિસ સુપરિટેન્ડેન્ટ, એડમિન અને એકાઉન્ટ બ્રાંચ, ઈન્ફોર્મેશન આસિસ્ટન્ટ અને સ્ટાફ ચેમ્બર તથા લિટરેચર રૂમ, રેકર્ડ રૂમ, રજિસ્ટ્રી અને માહિતી કેન્દ્રનો સમાવેશ કરાયો છે. સેકન્ડ ફ્લોર પર ડેપ્યુટી એક્ઝિક્યુટીવ એન્જિનિયરની ચેમ્બર, ઈલેકટ્રોનિક મીડિયા અને ટેકનિકલ બ્રાંચ હોલ, એક્ઝિબિશન/કોન્ફરન્સ હોલ વીથ લાઈબ્રેરી, સ્ટોરરૂમ તેમજ વધારાના બે રૂમનો સમાવેશ કરાયો છે. વલસાડ જિલ્લા મથક ખાતે માહિતી ખાતાનું અલાયદુ મકાન તૈયાર થવાથી મુલાકાતીઓ પ્રદર્શન નિહાળી શકશે. પત્રકારો માટે અલાયદો રૂમ હોવાથી એક જ જગ્યાથી તેમને માહિતી મળી રહેશે.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ? પ્લેન ગોલ્ડ જ્વેલરી મજુરી
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
House of Exclusive Collection
R.A. Parikh 5.9% થી શરૂ*
Jewellers NX
ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

ટાઈટલ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું છે કે, નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકતો હાલમાં અમારા અસીલ (૧) સાગરભાઈ ગોરધનભાઈ સોજીત્રા (૨) પ્રકાશકુમાર ગોરધનભાઈ સોજીત્રા અને (૩) રાકેશભાઈ અરવિંદભાઈ ભુહાની ની સંયુક્ત/સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલી છે એવું જણાવીને તેઓએ મારી પાસેથી સદરહું મિલકતોના ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે અને તેઓએ એવું જણાવેલ કે મજકુર મિલકતોના અસલ દસ્તાવેજો/પેપર્સ પૈકી નીચે પરિશિષ્ટમાં જણાવેલ અસલ દસ્તાવેજો / પેપર્સ ગુમ થયેલ છે અને હાલ જડતા નથી. જેથી મજકુર ગુમ થયેલ દસ્તાવેજ/પેપર્સ/ રજીસ્ટ્રેશનની રસીદ/પાવતી કોઈપણ વ્યકિત/સંસ્થા/બેંક વિગેરે પાસે હોય અથવા સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત/સંસ્થા /બેંક વિગરે નો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દર-દાવો હોય તો તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. આમ મજકુર મુદૃત વિત્યેથી સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેવું માનીને અમો સદર મિલકતનો ટાઈટલ ક્લીયરન્સ અંગેનું સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ સદર મિલકત ઉપર બેંક/નાણાંકીય સંસ્થામાંથી લોન મેળવી મોર્ગેજ કરવાની કાર્યવાહી કરશે જેથી મજકુર અસીલનો મજકુર મિલકત ઉપર સંપુર્ણ માલિકી અને કબજો રહેશે તેમજ સદર બેંક/નાણાંકીય સંસ્થાનો સદર મિલકત ઉપર પ્રથમ બોજો/ચાર્જ રહેશે. ત્યારબાદ મજકુર મિલકત બાબતમાં કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

પરિશિષ્ટ ગુમ થયેલ દસ્તાવેજો/પેપર્સની વિગત

અ.નં.	મિલકતની વિગત ગુમ થયેલ દસ્તાવેજ/પેપર્સની વિગત
૧.	ડિસ્ટ્રીક્ટ : નવસારી, તાલુકો નવસારીના મોજે ગામ : મુનસાડના બ્લોક નં. ૯૧૩, સીટી સર્વે વોર્ડ : મુનસાડ (બિનખેતી) ના સીટી સર્વે નં. ૯૧૩ ક્ષેત્રફળ આશરે ૨૧૨૫.૦૦ ચો.મી. વાળી મિલકત :: ગુમ થયેલ દસ્તાવેજની વિગત :: (૧) મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૦૬/૦૫/૨૦૧૪ ના રોજ અનુક્રમ નંબર: ૨૦૦૫ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજની સબ-રજીસ્ટ્રાર સાહેબ દ્વારા આપવામાં આવેલ અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી (૨) મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૦૩/૦૫/૨૦૧૪ ના રોજ અનુક્રમ નંબર: ૨૦૦૩ થી નોંધાયેલ અસલ પાવર ઓફ એટર્ની
૨.	(અ) ડિસ્ટ્રીક્ટ : નવસારી, તાલુકો નવસારીના મોજે ગામ : મુનસાડના બ્લોક નં. ૯૧૮, સીટી સર્વે વોર્ડ : મુનસાડ (બિનખેતી) ના સીટી સર્વે નં. ૯૧૮ ક્ષેત્રફળ આશરે ૧૦૭૨૪.૦૦ ચો.મી. વાળી મિલકત (બ) ડિસ્ટ્રીક્ટ : નવસારી, તાલુકો નવસારીના મોજે ગામ : મુનસાડના બ્લોક નં. ૯૧૯, સીટી સર્વે વોર્ડ : મુનસાડ (બિનખેતી) ના સીટી સર્વે નં. ૯૧૯ ક્ષેત્રફળ આશરે ૧૨૧૪.૦૦ ચો.મી. વાળી મિલકત :: ગુમ થયેલ દસ્તાવેજની વિગત :: મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૧૦/૧૦/૧૯૯૯ ના રોજ અનુક્રમ નંબર: ૨૫૯૯ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તેમજ તેની સબ-રજીસ્ટ્રાર સાહેબ દ્વારા આપવામાં આવેલ અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી
૩.	ડિસ્ટ્રીક્ટ: નવસારી, તાલુકો નવસારીના મોજે ગામ : મુનસાડના બ્લોક નં. ૯૨૦, સીટી સર્વે વોર્ડ : મુનસાડ (બિનખેતી) ના સીટી સર્વે નં. ૯૨૦ ક્ષેત્રફળ આશરે ૧૪૨૬૫.૦૦ ચો.મી. વાળી જમીન મિલકત :: ગુમ થયેલ દસ્તાવેજની વિગત :: મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૦૫/૧૧/૧૯૯૯ ના રોજ અનુક્રમ નંબર: ૨૮૩૩ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તેમજ તેની સબ-રજીસ્ટ્રાર સાહેબ દ્વારા આપવામાં આવેલ અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી
૪.	બ્લોક નંબર : ૯૧૮, ૯૧૯ અને ૯૨૦ માટે કોમન ગુમ થયેલ દસ્તાવેજની વિગત મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૨૨/૦૩/૨૦૦૧ ના રોજ અનુક્રમ નંબર: ૧૨૭૦ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તેમજ તેની સબ-રજીસ્ટ્રાર સાહેબ દ્વારા આપવામાં આવેલ અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી

તા. ૧૮/૦૯/૨૦૨૬

સુરેન્દ્ર ઔમપ્રકાશ સારસ્વત (એડવોકેટ)
ઓફીસ: એફ- ૬-૭, પહેલો માળ,ડી. જી. પોઈન્ટ, પર્વત પાટીયા, સુરત. મો. ૯૬૨૫૦૧૩૯૩૩